આજની મેચ (ચોથી ક્વાર્ટર ફાઇનલ) **આર્જેન્ટીના vs સ્વિટ્ઝર્લેન્ડ, સવારે 6.30 વાગ્યે**

સ્પેન 16 વર્ષ બાદ વર્લ્ડકપની સેમિફાઇનલમાં

મેચની 88મી મિનિટે 'સુપર-સબ' મેરિનોએ વિજયી ગોલ કરતા સ્પેન બેલ્જિયમ સામે 2-1થી જીત્યું

ઈંગ્લીવુડ (અમેરિકા), તા. 11 (એપી): શુક્રવારની મધ્યરાત્રીએ રમાયેલી વર્લ્ડકપ ક્વાર્ટર ફાઈનલમાં મિકેલ મેરિનોના શાનદાર પ્રદર્શનની મદદથી સ્પેને બેલ્જિયમને 2-1થી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે, જ્યાં હવે તેનો સામનો મજબૂત પ્રતિસ્પર્ધી ફ્રાન્સ સામે થશે.

ચાર દિવસ પહેલાં પોર્ટુગલ સામે ઈન્જરી ટાઈમમાં ગોલ કરનાર મેરિનો આ મેચમાં પણ સ્પેનનો હીરો સાબિત થયો હતો. 86મી મિનિટે સબસ્ટિટ્યુટ તરીકે મેદાનમાં આવેલા મેરિનોએ માત્ર બીજી જ ટચમાં, 88મી મિનિટે બેલ્જિયમના બેકઅપ ગોલકીપરની ભૂલનો ફાયદો ઉઠાવીને વિજયી ગોલ કર્યો હતો. સ્પેન તરફથી ફેબિયન રુઇઝે 30મી મિનિટે પ્રથમ ગોલ કર્યો હતો, પરંતુ 41મી મિનિટે બેલ્જિયમના ચાર્લ્સ ડી કેટેલેરેએ ગોલ કરીને સ્કોર 1-1 થી બરાબર કરી દીધો હતો. આ હાર સાથે બેલ્જિયમની સતત 18 મેચોની અજેય સફરનો અંત આવ્યો છે. બીજી તરફ, સ્પેન માર્ચ 2023થી સતત 37 મેચોથી અજેય રહ્યું છે. આ જીત સાથે સ્પેને 2010માં વર્લ્ડકપ જીત્યા બાદ પ્રથમ વખત સેમિફાઈનલમાં જગ્યા બનાવી છે.

મેચના રસપ્રદ આંકડા અને બનાવ

» ઐતિહાસિક ગોલ રેકોર્ડ: મિકેલ મેરિનોએ પોતાના કરિયરના પ્રથમ વર્લ્ડકપમાં જ અંતિમ મિનિટોમાં મેદાન પર ઉતરી બે વિજયી ગોલ નોંધાવ્યા છે અને તે ટીમ માટે સુપર-સબ સાબિત થયો છે. ચાર દિવસ પહેલાં તેણે પોર્ટુગલ સામેની નોકઆઉટ મેચમાં ઈન્જરી ટાઈમમાં ગોલ કરી સ્પેનને જીત અપાવી હતી.

» ગોલકીપરનો વર્લ્ડ કપ રેકોર્ડ: સ્પેનના ગોલકીપર ઉનાઈ સિમોને કતાર વર્લ્ડકપથી લઈને અત્યાર સુધી સતત 650 મિનિટ સુધી એક પણ ગોલ ન ખાવાનો વર્લ્ડકપ રેકોર્ડ બનાવ્યો હતો, જે આ મેચમાં બેલ્જિયમે ગોલ કરતાં તૂટ્યો હતો. સ્પેને આ વર્લ્ડકપમાં પ્રથમ વખત ગોલ ખાધો હતો.

» બેલ્જિયમનો કેપ્ટન યુરી ટિલેમાન્સ મેચ શરૂ થાય તે પહેલાં જ વોર્મ-અપ દરમિયાન ઇજાગ્રસ્ત થતાં તેને ટીમની બહાર બેસવું પડ્યું હતું. આ ઉપરાંત, બેલ્જિયમનો મુખ્ય ગોલકીપર થિબાઉત કોર્ટોઈસ મેચ દરમિયાન ઇજાગ્રસ્ત થતાં રડતી આંખે મેદાનની બહાર ગયો હતો. તેની જગ્યાએ આવેલા યુવા ગોલકીપર સેને લેમેન્સની ભૂલ સ્પેન માટે વરદાન સાબિત થઈ હતી.

હાલમાં જ વર્લ્ડકપમાં રમેલા સાઉથ આફ્રિકન ફુટબોલરનું 25 વર્ષની વયે નિધન

જોહિનસબર્ગ, તા. 11 (એપી): સાઉથ આફ્રિકાના રાષ્ટ્રીય ફૂટબોલ ખેલાડી અને હાલમાં જ વર્લ્ડકપમાં રમી ચૂકેલા 25 વર્ષીય મિડફિલ્ડર જયડેન આદમ્સનું નિધન થયું છે. સાઉથ આફ્રિકાના રમતગમત મંત્રી ગેટન મેકેન્ઝીએ શનિવારે સોશિયલ મીડિયા એક્સ પર આ દુઃખદ સમાચારની પુષ્ટિ કરી હતી જોકે જયડેનના મૃત્યુનું કારણ કે અન્ય કોઈ વિગત તેમણે જણાવી ન હતી. મામેલોડી સનડાઉન્સ ક્લબ માટે રમતા આદમ્સે ચાલુ વર્ષે સીએએફ (આફ્રિકન) ચેમ્પિયન્સ લીગ જીતવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. સાઉથ આફ્રિકાને પ્રથમ વખત વર્લ્ડકપના નોકઆઉટ સ્ટેજમાં પહોંચાડવામાં તેનું મોટું યોગદાન હતું.

ચોથી ક્વાર્ટર ફાઈનલ: ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિના સામે ટકરાશે સ્વિટ્ઝરલેન્ડ

વોશિંગ્ટન, તા. 11: મિઝોરીના કેન્સાસ સિટી સ્ટેડિયમ ખાતે રવિવારે ફિફા વર્લ્ડકપની અંતિમ ક્વાર્ટર ફાઈનલમાં વર્તમાન ચેમ્પિયન આર્જેન્ટિનાનો સામનો મજબૂત સ્વિટ્ઝરલેન્ડ સામે થશે. આર્જેન્ટિનાની ટીમ સતત છઠ્ઠી વખતવર્લ્ડ કપની ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી છે.

લિયોનેલ સ્કાલોનીની આર્જેન્ટિના ટીમે ગ્રુપ સ્ટેજમાં તમામ મેચો જીત્યા બાદ રાઉન્ડ ઓફ 16માં ઈજિપ્ત સામે હારના આરેથી અદ્ભુત વાપસી કરી હતી.

બીજા હાફમાં 2-0 થી પાછળ રહ્યા બાદ આર્જેન્ટિનાએ 78મી મિનિટ પછી લિયોનેલ મેસીના શાનદાર ગોલ સહિત સતત 3 ગોલ કરીને 3-2 થી રોમાંચક જીત મેળવી હતી.

બીજી તરફ, મેનેજર મુરાત યાકિનના માર્ગદર્શન હેઠળ શાનદાર ડિફેન્સ ધરાવતી સ્વિટ્ઝરલેન્ડની ટીમ 72 વર્ષ બાદ પ્રથમ વખત ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી છે. સ્વિસ ટીમે રાઉન્ડ ઓફ 16માં ખતરનાક કોલંબિયા સામે 120 મિનિટ સુધી મજબૂત રક્ષણ ઊભું રાખી મેચ ગોલ રહિત રાખી હતી અને બાદમાં પેનલ્ટી શૂટઆઉટમાં ગોલકીપર ગ્રેગોર કોબેલના શાનદાર બચાવના જોરે 4-3થી જીત મેળવી હતી. વર્લ્ડકપમાં 2014 પછી આ બંને ટીમો પ્રથમ વખત સામસામે ટકરાશે. આ મેચની વિજેતા ટીમ સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડ અથવા નોર્વે સામે રમશે.

ઈંગ્લેન્ડે ભારતને 56 રને હરાવી સિરીઝમાં 4-0થી ક્લીન સ્વીપ કર્યું

બટલરની શાનદાર સદી અને બ્રુકની તોફાની બેટિંગ

ભારતીય ટીમે T20 રેન્કિંગમાં પ્રથમ સ્થાન ગુમાવ્યું

સાઉથમ્પટન, તા. 11 (પીટીઆઈ): જોસ બટલરની આક્રમક સદી અને કેપ્ટન હેરી બ્રુકના તોફાની 95 રનના દમ પર ઈંગ્લેન્ડે પાંચમી T20 મેચમાં ભારતને 56 રને હરાવીને સિરીઝમાં 4-0થી ઐતિહાસિક ક્લીન સ્વીપ કર્યું છે. પ્રથમ બેટિંગ કરતા ઈંગ્લેન્ડે 3 વિકેટે 257 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. બટલરે 64 બોલમાં 131 રન અને બ્રુકે 45 બોલમાં અણનમ 95 રન ફટકાર્યા હતા. બંને વચ્ચે બીજી વિકેટ માટે 233 રનની રેકોર્ડ ભાગીદારી થઈ હતી. જવાબમાં ભારતીય ટીમ 8 વિકેટે 201 રન જ બનાવી શકી હતી. ઈશાન કિશને 56 અને તિલક વર્માએ 53 રન બનાવ્યા હતા, પરંતુ તે જીત માટે પૂરતા નહોતા. આ હાર સાથે ભારતે ICC T20 રેન્કિંગમાં પોતાનું પ્રથમ સ્થાન ગુમાવ્યું છે. નવા કેપ્ટન શ્રેયસ અય્યરની આગેવાનીમાં ભારતની આ છઠ્ઠી હાર છે, જેના કારણે BCCI આ પ્રદર્શનની સમીક્ષા કરશે.

ભારત સામે સૌથી મોટો વ્યક્તિગત T20I સ્કોર

131	જોસ બટલર (2026)*
125*	એવિન લુઇસ (2017)
124*	શેન વોટસન (2016)
113*	ગ્લેન મેક્સવેલ (2019)
110	જોશ ઈંગ્લિસ (2023)
109*	કોલિન મુનરો (2017)

ભારત સામે T20Iમાં સૌથી મોટો ટીમ સ્કોર

257/3 ઈંગ્લેન્ડ (સાઉથમ્પટન, 2026)*
246/7 ઈંગ્લેન્ડ (વાનખેડે, 2026)
245/6 વેસ્ટ ઇન્ડીઝ (લોડરહિલ, 2016)
227/3 સાઉથ આફ્રિકા (ઇન્દોર, 2022)
225/5 ઓસ્ટ્રેલિયા (ગુવાહાટી, 2023)

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વિકેટકીપર દ્વારા સૌથી વધુ સિક્સર

360	જોસ બટલર*
359	એમએસ ધોની
300	ક્વિન્ટન ડી કોક
259	એડમ ગિલક્રિસ્ટ
208	બ્રેન્ડન મેક્કુલમ

બ્રુક અને બટલરે કરી રેકોર્ડ ભાગીદારી

» બટલર-બ્રુકની 233 રનની ભાગીદારી તમામ T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં બીજી વિકેટ માટે અત્યાર સુધીની સૌથી મોટી ભાગીદારી છે. તેમણે આ બાબતમાં સંજુ સેમસન અને તિલક વર્માને પાછળ છોડ્યા હતા જેમણે વર્ષ 2024માં જોહાનિસબર્ગ ખાતે સાઉથ આફ્રિકા સામે 210* રનની અણનમ ભાગીદારી કરી હતી.

» આ ઈંગ્લેન્ડ તરફથી T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કોઈપણ વિકેટ માટે સૌથી મોટી ભાગીદારીનો નવો રેકોર્ડ છે. આ મામલામાં બટલર-બ્રુકે ડેવિડ મલાન અને ઇયાન મોર્ગનની જોડીને પાછળ છોડી દીધી છે, જેમણે વર્ષ 2019માં ન્યૂઝીલેન્ડ સામે 182 રન જોડ્યા હતા.

T20 આંતરરાષ્ટ્રીયમાં ફુલ મેમ્બર દેશોમાં કોઈપણ વિકેટ માટે સૌથી મોટી ભાગીદારી

ભાગીદારી	ખેલાડી-દેશ-વર્ષ
236 રન	હજરતુલ્લાહ ઝઝાઈ અને ઉસ્માન ગની (અફઘાનિસ્તાન વિરૂદ્ધ આયર્લેન્ડ, 2019)
233 રન	જોસ બટલરે અને હેરી બ્રુક (ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ભારત, 2026)
223 રન	એરોન ફિંચ અને ડાર્સી શોર્ટ (ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ ઝિમ્બાબ્વે, 2018)
210 રન	સંજુ સેમસન અને તિલક વર્મા (ભારત વિરૂદ્ધ સાઉથ આફ્રિકા, 2024)

ટીમ ઈન્ડિયા ટ્રાફિકમાં ફસાતા ટોસ મોડો થયો

સાઉથમ્પટન, તા. 11 (પીટીઆઈ): સાઉથમ્પટનના રોઝ બાઉલ સ્ટેડિયમ બહાર સર્જાયેલા ભારે ટ્રાફિક જામના કારણે ભારતીય ક્રિકેટ ટીમની બસ સમયસર ન પહોંચી શકતા શનિવારે પાંચમી T20 મેચનો ટોસ નિયત સમય કરતાં 45 મિનિટ મોડો થયો હતો. ભારતીય ખેલાડીઓ અને હેડ કોચ ગૌતમ ગંભીર સહિતનો સપોર્ટ સ્ટાફ રસ્તામાં જ ફસાઈ જતાં સત્તાવાળાઓએ ટોસનો સમય લંબાવવો પડ્યો હતો.

લિન્ડા નોસ્કોવાએ વિમ્બલડન ખિતાબ જીત્યો

ઓલ-ચેક ફાઇનલમાં કેરોલિના મુચોવાને હરાવી નોસ્કોવાએ પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ટ્રોફી જીતી

પ્રિન્સેસ ઓફ વેલ્સ કેટ અને અન્ય દિગ્ગજ હસ્તીઓ મેચમાં હાજર રહી

લંડન, તા. 11 (એપી): 21 વર્ષની લિન્ડા નોસ્કોવા વિમ્બલ્ડન જીતનારી ચેક રિપબ્લિકની મહિલા ખેલાડીઓની લાંબી યાદીમાં સામેલ થઈ ગઈ છે. શનિવારે રમાયેલી ઓલ-ચેક ફાઈનલ મેચમાં નોસ્કોવાએ બીજા સેટમાં 5 મેચ પોઈન્ટ ગુમાવ્યા બાદ શાનદાર વાપસી કરીને કેરોલિના મુચોવાને 6-2, 5-7, 6-3થી હરાવીને પોતાની કારકિર્દીની પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ટ્રોફી જીતી લીધી છે.

નોસ્કોવા છેલ્લા ચાર વર્ષમાં આ ગ્રાસ-કોર્ટ મેજર ટૂર્નામેન્ટ જીતનારી ત્રીજી ચેક મહિલા ખેલાડી બની છે.

આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા માટે 2011 અને 2014ની વિમ્બલ્ડન વિજેતા પેટ્રા ક્વિટોવા અને ઓલ ઈંગ્લેન્ડ ક્લબમાં રેકોર્ડ 9 સિંગલ્સ ટાઈટલ જીતનાર મહાન ખેલાડી માર્ટિના નવરાતિલોવા પણ હાજર રહ્યા હતા. નવરાતિલોવા રોયલ બોક્સમાં પ્રિન્સેસ ઓફ વેલ્સ કેટની બાજુમાં બેઠેલા જોવા મળ્યા હતા, જેઓ વિજેતા નોસ્કોવાને વિનસ રોઝવોટર ડિશ ટ્રોફી એનાયત કરવાના હતા.

લોર્ડ્સ ટેસ્ટ: ભારત મજબૂત સ્થિતિમાં, ક્રાંતિ ગૌડની 5 વિકેટ

ઈંગ્લેન્ડને 170માં આઉટ કર્યા બાદ ભારતે બીજી ઇનિંગમાં 1 વિકેટે 154 રન બનાવી

ઈંગ્લેન્ડ સામે 269 રનની મજબૂત લીડ મેળવી

ક્રાંતિ લોર્ડ્સના પ્રતિષ્ઠિત 'ટેસ્ટ ઓનર્સ બોર્ડ'માં સ્થાન મેળવનાર વિશ્વની સૌપ્રથમ મહિલા ક્રિકેટર બની

લંડન, તા. 11 (પીટીઆઈ): ઝડપી બોલર ક્રાંતિ ગૌડની શાનદાર 5 વિકેટ અને ઓપનર સ્મૃતિ મંધાનાની સતત બીજી અણનમ અડધી સદીના દમ પર ભારતીય મહિલા ટીમે ઈંગ્લેન્ડ સામેની એકમાત્ર ટેસ્ટ મેચના બીજા દિવસે પોતાની પકડ મજબૂત કરી લીધી છે. ભારતે પ્રથમ ઈનિંગના આધારે 115 રનની લીડ મેળવ્યા બાદ, બીજા દિવસની રમત બંધ રહી ત્યારે બીજી ઈનિંગમાં 1 વિકેટે 154 રન બનાવી લીધા છે અને કુલ લીડ 269 રન પર પહોંચાડી દીધી છે. મંધાના 69 રન અને યાસ્તિકા ભાટિયા 39 રન બનાવીને ક્રિઝ પર છે.

આ પહેલા ઈંગ્લેન્ડની પ્રથમ ઈનિંગ માત્ર 170 રનમાં સમેટાઈ ગઈ હતી. ભારતીય બોલર ક્રાંતિ ગૌડે શાનદાર પ્રદર્શન કરતા 37 રન આપીને 5 વિકેટ ઝડપી હતી. ઈંગ્લેન્ડ તરફથી નેટ સાઈવર બ્રન્ટે 44 અને એમી જોન્સે 52 રન બનાવીને પાંચમી વિકેટ માટે 84 રનની ભાગીદારી કરી ટીમની ઈનિંગને સંભાળવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ક્રાંતિની ઘાતક બોલિંગ સામે ઈંગ્લેન્ડનો મિડલ ઓર્ડર નિષ્ફળ રહ્યો હતો. ઈંગ્લેન્ડે માત્ર 33 રનમાં પોતાની છેલ્લી 5 વિકેટ ગુમાવી દીધી હતી.

શૉટગન વર્લ્ડ કપ: નીરુ ઢાંડાએ ભારતને અપાવ્યો ગોલ્ડ

લોનાટો (ઈટાલી), તા. 11 (પીટીઆઈ): એશિયન ચેમ્પિયનશિપની ગોલ્ડ મેડલિસ્ટ નીરુ ઢાંડાએ ઈટાલીના લોનાટો ખાતે યોજાયેલા ISSF વર્લ્ડકપમાં શાનદાર પ્રદર્શન કરીને વિમેન્સ ટ્રેપ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતી લીધો છે.

26 વર્ષીય નેશનલ ચેમ્પિયન નીરુએ 8 શૂટર્સની ફાઈનલમાં 30 માંથી 27 ટાર્ગેટ હિટ કરીને ફ્રાન્સની પૂર્વ વર્લ્ડ ચેમ્પિયન કેરોલ કોર્મેનિયરને હરાવી પોતાની કરિયરનો આ પ્રથમ વ્યક્તિગત વર્લ્ડકપ ગોલ્ડ મેડલ મેળવ્યો છે. ક્વોલિફિકેશનમાં 125માંથી 121ના સ્કોર સાથે ટોચ પર રહીને તેણે ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ચાલુ વર્ષે યોજાનારી એશિયન ગેમ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનારી નીરુની આ જીતથી ચાલુ વર્ષે ગ્લોબલ સ્ટેજ પર શૉટગન ઈવેન્ટમાં મેડલ મેળવવાની ભારતની રાહનો અંત આવ્યો છે. જ્યારે અન્ય ભારતીય મહિલા અને પુરુષ શૂટર્સ આ ટૂર્નામેન્ટમાં પ્રભાવ છોડવામાં નિષ્ફળ રહ્યા હતા.

મોનાકો ડાયમંડ લીગ: સર્વેશ કુશારે ડેબ્યૂમાં જ ત્રીજું સ્થાન મેળવ્યું

કુશારે ડાયમંડ લીગમાં ટોપ-3માં સ્થાન મેળવનાર પ્રથમ હાઈ જમ્પર બન્યો

ઉપરાંત તે આ ટુર્નામેન્ટના ટોપ-3માં સ્થાન મેળવનારો ચોથો ભારતીય એથ્લીટ બન્યો

સ્પર્ધામાં કુશારેએ ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટોને હરાવ્યા

મોનેકો, તા. 10 (પીટીઆઈ): મોનાકોમાં યોજાયેલી પ્રતિષ્ઠિત ડાયમંડ લીગમાં પોતાના ડેબ્યૂમાં જ ભારતના નેશનલ રેકોર્ડ ધારક હાઈ જમ્પર સર્વેશ કુશારેએ ત્રીજું સ્થાન મેળવીને એક ખાસ ક્લબમાં સામેલ થયો છે.

31 વર્ષીય કુશારેએ 2.26 મીટરનો શાનદાર કૂદકો લગાવીને આ સિદ્ધિ મેળવી છે, જેની સાથે તે ડાયમંડ લીગના ઈતિહાસમાં ટોપ-3માં સ્થાન મેળવનાર ભારતનો માત્ર ચોથો એથ્લીટ બન્યો છે. આ પહેલાં નીરજ ચોપરા (જેવલિન થ્રો), મુરલી શ્રીશંકર (લોન્ગ જમ્પ), વિકાસ ગૌડાએ (ભૂતપૂર્વ ડિસ્કસ થ્રોઅર) ટોપ 3માં સ્થાન મેળવ્યું હતું. આ ઉપરાંત તે આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટમાં પોડિયમ ફિનિશ (ટોપ-3) કરનારો ભારતનો સર્વપ્રથમ હાઈ જમ્પર બન્યો છે. આ ઈવેન્ટમાં તેણે ટોક્યો ઓલિમ્પિકના ગોલ્ડ મેડલિસ્ટ મુતાઝ એસા બરશિમ અને ગિયાનમાર્કો તામ્બેરી જેવા વિશ્વના દિગ્ગજ ખેલાડીઓને હરાવ્યા હતા, જ્યારે યુક્રેનના ઓલેહ દોરોશચુકે 2.32 મીટર સાથે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. બ્રિટનના જેક કિમાનીએ 2.30 મીટરનો કુદકો લગાવીને બીજું સ્થાન મેળવ્યું હતું. આ શાનદાર પ્રદર્શન કરનારા સર્વેશ કુશારેએ ગયા મહિને 27 જૂને ભારતમાં યોજાયેલી નેશનલ ઈન્ટર-સ્ટેટ ચેમ્પિયનશિપમાં 2.31 મીટરનો કૂદકો લગાવીને તેજસ્વિન શંકરનો 8 વર્ષ જૂનો 2.29 મીટરનો રાષ્ટ્રીય રેકોર્ડ તોડ્યો હતો અને તે 2.30 મીટરની ઊંચાઈ પાર કરનાર ભારતનો પ્રથમ હાઈ જમ્પર બન્યો હતો.

ટીમ ઈન્ડિયાના ફિલ્ડિંગ કોચ ટી. દિલીપની વિદાય નક્કી, મોર્કેલ અને રાયનનો કાર્યકાળ લંબાવાશે

નવી દિલ્હી, તા. 11 (પીટીઆઈ): હેડ કોચ ગૌતમ ગંભીરના સપોર્ટ સ્ટાફનો બે વર્ષનો કરાર ઈંગ્લેન્ડના વર્તમાન મર્યાદિત ઓવરોની શ્રેણીના પ્રવાસ બાદ સમાપ્ત થઈ રહ્યો છે, જેમાં ફિલ્ડિંગ કોચ ટી. દિલીપને વધુ એક્સટેન્શન મળવાની સંભાવના નહિવત છે. રાહુલ દ્રવિડના કાર્યકાળથી જોડાયેલા દિલીપ ખેલાડીઓમાં ખૂબ લોકપ્રિય રહ્યા છે. દરેક મેચ બાદ ડ્રેસિંગ રૂમમાં ઉત્સાહ વધારતા ભાષણો અને 'બેસ્ટ ફિલ્ડર મેડલ' આપવાની તેમની પરંપરા માટે તેઓ હંમેશાં યાદ રહેશે. 2024ના T20 વર્લ્ડકપ બાદ માત્ર તેઓ જ ટીમ સાથે ચાલુ રહ્યા હતા અને 2025ની ચેમ્પિયન્સ ટ્રોફી જીત્યા બાદ તેમને એક વર્ષનું એક્સટેન્શન મળ્યું હતું. જોકે, છેલ્લા કેટલાક મહિનાઓમાં ભારતીય ફિલ્ડિંગના સ્તરમાં આવેલા ઘટાડાને પગલે BCCI હવે આ પદ પર ફેરફાર કરવા માગે છે. બીજી તરફ, ફાસ્ટ બોલિંગ કોચ મોર્ને મોર્કેલ અને આસિસ્ટન્ટ કોચ રાયન ટેન ડોશેટના કરારમાં પણ એક્સટેન્શનની જોગવાઈ છે અને BCCI આ જોડીને યથાવત રાખવા ઈચ્છે છે. મોર્કેલના માર્ગદર્શન હેઠળ ભારતીય બોલિંગ આક્રમણે છેલ્લા બે વર્ષમાં સારું પ્રદર્શન કર્યું છે. વર્ષના અંતે ન્યૂઝીલેન્ડ પ્રવાસ અને દક્ષિણ આફ્રિકામાં યોજાનારા વનડે વર્લ્ડકપને જોતાં ગંભીર પણ પોતાના આ વિશ્વાસુ સાથીઓને ટીમમાં જાળવી રાખવા માગશે. આ સપોર્ટ સ્ટાફમાં પૂર્વ ડ્ય કેપ્ટન રાયન ટેન ડોશેટ પણ પોતાના સ્પષ્ટ અને સચોટ મીડિયા સંવાદોને કારણે આકર્ષણનું કેન્દ્ર રહ્યા છે. ઉલ્લેખનીય છે કે એવા અહેવાલો વહેતા થયા હતા કે ભારતીય ટીમના વર્તમાન પ્રદર્શનને જોતા કોચિંગ સ્ટાફમાં ગંભીરના બે સાથીઓને બહાર કરવામાં આવી શકે છે, જોકે અહેવાલમાં કોઈનું નામ લેવામાં આવ્યું ન હતું.

આર્ચરી વર્લ્ડકપ: પ્રીથિકાએ જીત્યો બ્રોન્ઝ

17 વર્ષીય પ્રીથિકાએ વિશ્વમાં 11મા નંબરની તુર્કીની ખેલાડીને હરાવી

પ્રીથિકાએ એક જ ટૂર્નામેન્ટમાં ટીમ સિલ્વર અને વ્યક્તિગત બ્રોન્ઝ જીતી ડબલ સિદ્ધિ મેળવી

મેડ્રીડ, તા. 11 (પીટીઆઈ): મેડ્રિડમાં યોજાયેલા આર્ચરી વર્લ્ડકપ સ્ટેજ-4માં ભારતની 17 વર્ષીય કમ્પાઉન્ડ તીરંદાજ પ્રીથિકા પ્રદીપે શાનદાર વાપસી કરીને ઈતિહાસ રચ્યો છે. પ્રીથિકાએ રોમાંચક મુકાબલામાં તુર્કીની વિશ્વમાં 11મા નંબરની તીરંદાજ હાઝલ બુરુનને 145-142થી હરાવીને પોતાની કારકિર્દીનો સૌપ્રથમ વ્યક્તિગત વર્લ્ડકપ મેડલ (બ્રોન્ઝ) જીત્યો છે.

આ મેચમાં તે શરૂઆતમાં પાછળ ચાલી રહી હતી, પરંતુ અમેરિકન કોચ ડેવ કઝિન્સના માર્ગદર્શન હેઠળ તેણે અદ્ભુત સંયમ રાખીને છેલ્લી ઘડીએ પરફેક્ટ 10-રિંગ કૂદકો લગાવી વિજય મેળવ્યો હતો.

આ મેડલ સાથે પ્રીથિકાએ ટૂર્નામેન્ટમાં બેવડી સિદ્ધિ (ડબલ) પૂર્ણ કરી છે, કારણ કે આ પહેલાં તેણે મહિલા કમ્પાઉન્ડ ટીમ ઈવેન્ટમાં ભારતને સિલ્વર મેડલ અપાવવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી હતી.

આજનું પંચાંગ

તા. 12/07/2026, રવિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** નિજ જેઠ
તિથિ: વદ: તેરસ: 22:32, પ્રદોષ- શિવરાત્રી
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : અષાઢ: 21
યોગ : વૃધ્ધિ **કરણ:** ગર
નક્ષત્ર : રોહિણી: 29:42
રાશિ : વૃષભ (બ,વ,ઉ) 19:08 પછી મિથુન (ક,છ,ઘ) **દિવસ :** અશુભ
સુરતમાં સૂર્યોદય : 06:06 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:22
નવકારસી : 06:54
પારસી વર્ષ : 1395 સ્પેંદરમદ માસનો 02જો રોજ
મુસલમાન વર્ષ : 1448 મોહરમ માસનો 26મો રોજ
દિવસનાં ચોઘડિયાં: ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ
રાત્રિનાં ચોઘડિયાં: શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ
રાહુકાળ: સાંજે : 16:30 થી 18:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): ઘરમાં આનંદ ઉત્સવ જેવું વાતાવરણ રહે. અટકેલા કામ અને નાણા છૂટા થઈ શકે ખર્ચા વધશે.

વૃષભ (બ,વ,ઉ,): આગ, પાણી, અકસ્માતથી સાવધાન રહેવું. પ્રવાસમાં મિલન મુલાકાત થાય. દાંપત્યમાં અશાંતિ રહે.

મિથુન (ક,છ,ઘ,): જીવનસાથી સાથે સામાજિક કામ થાય. પરિવારની ચિંતા સતાવે. આર્થિક વ્યવહાર બાબતે સાવધાન રહેવું.

કર્ક (ડ,હ,): ઊંમરલાયકના વિવાહનો પ્રસ્તાવ આવે. નાના ભાઈ બહેનોના કામમાં મદદરૂપ બનશો. મનોરંજન થાય.

સિંહ (મ,ટ,): અચાનક સફળતા મળે. સંપત્તિના સોદા થઈ શકે છે. સામાજીક કામમાં અપયશ મળે. ગુપ્ત ભય રહે.

કન્યા (પ,ઠ,ણ,): પાર્ટી-પિકનીક અને સ્વાદિષ્ટ ભોજનનો આનંદ મળે. બૌદ્ધિક કાર્ય કે ઈન્ટરવ્યુમાં સફળતા મળે.

તુલા (ર,ત,): આરોગ્ય નરમ રહે. ખર્ચા વધે. અણગમતા સમાચાર મળે. લૂંટ-ફાટથી સાવધાન.

વૃશ્ચિક (ન,ય,): પરિવારમાં આનંદ રહે. અચાનક કોઈ મદદ મળે. સામાજિક કાર્યમાં યશ મળે. મનગમતી મુલાકાત થાય. શુભ સમાચાર.

ધન (ભ,ધ,ફ,ઢ,): માનસિક અશાંતિ અને ખર્ચા વધશે. નવા સંબંધોથી સાવધાન રહેવુ. હરીફોની હેરાનગતિ વધશે.

મકર (ખ,જ,): સંતાનોના કામમાં પ્રગતિ થાય. શુભ સમાચાર મળે. પ્રેમ વિવાહનો પ્રસ્તાવ આવી શકે છે.

કુંભ (ગ,સ,શ,ષ,): વડીલોની સલાહ માનવી. અચાનક કોઈનો મુલાકાતથી કાર્યમાં ગતિ આવે. ઘરમાં આનંદ વધે.

મીન (દ,ચ,ઝ,થ,): સામાજિક કામમાં સાવધાની રાખવી. શત્રુઓથી સાવધાન રહેવું. વડીલોની મદદથી સફળતા મળે.

કોઈ પણ સાલમાં 12 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષ વધારનાર રહેશે. નોકરીમાં સ્થાનફેર બદલીથી બોજ અને જવાબદારી વધે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સમાજમાં સામાન્ય રહે. પરિવારની અપેક્ષા વધે. આરોગ્ય નરમ ગરમ રહે. ઉદ્યરાણીની ચિંતા સતાવે. ઊંમરલાયકના વિવાહના ખર્ચા સતાવે. પ્રેમવિવાહમાં વિઘ્નો આવે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ થાય. કોઈની વાતોમાં આવવું ભારે પડશે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં સામાન્ય રહે. મિત્રો-વડીલોની મદદ નવા, ઘર, વાહન, મકાન, વારસાં, જાયદાદ જમીન વગેરેમાં મળતી રહેશે. વિદેશનો કામ ધીમો પડે. વિદ્યાર્થીઓની મહેનત વધે. ટેકનોલોજીનો લાભ મળે. સરકારી નોકરીની તક મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. ફેબ્રુઆરી- માર્ચ- નવેમ્બર- ડિસેમ્બર, ગુરુ-શુક્રવાર- 03,12,21,30 તારીખે નવાં કામ કરવા, સોનેરી પીળો, ક્રીમ, જાંબલી રંગનો ઉપયોગ વધારવો. જૂન-જુલાઈ, રવિ-બુધવાર, 02,11,20,29 તારીખે નવાં કામ ટાળવાં. લાલનીલા રંગનો ઉપયોગ ટાળવો, ગુરુવારના ઉપાય કરવાં.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

દરાજ

આકડા